# જિલ્લા શિક્ષણાધિકારીની કચરી – તાપી

## ધોરણ – ૯

## વિષય : સામાજિક વિજ્ઞાન

## પ્રકરણ : ૧ ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય


❖ તૈયાર કરના શિક્ષકશ્રીઓ — શાળાનું નામ :

૧. બારસડિયા મયુરીબેન રણજીતસિંહ - મોડેલ સ્કૂલ, ઉચ્છલ

૨. રાઠોડ દિનેશકુમાર મહેન્દ્રભાઇ - કે.કે. કદમ વિદ્યાલય, વ્યારા

૩. પટેલ રાજેશભાઇ બાબુભાઇ - ઉન્નતિ વિદ્યાલય,થુંટી

૪. ગામીત હરિલાલ બાબુભાઇ - માનવમંદર ઉ.બુ.વિ,વિરપોર


૫. મરોલીયા સંજયકુમાર દલીચંદ - વનરાજ ઉ.બુ.કન્યા.વિ,ટોકરવા

૬. ચૌધરી રાજુભાઇ સોનજીઅભાઇ - કે.કે. કદમ વિદ્યાલય, વ્યારા

## ધોરણ – 9 સામાજિક વિજ્ઞાન

## પ્રકરણ ૧. ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉઅદય

- **પ્રકરણનો સારાંશ અને મુદ્દપઓ**
- **પ્રસ્તાવના** : - પ્રાચીન સમયથી ભારત તેના આર્થિઅક,સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાના કારણે વિશ્વમાં અજોડ સ્થાન ધરાવે છે.
  - વિશ્વના ઘણા દેશોની પ્રજા ભારતમાં આવી.કારણ કે તેમને ભારતના મરી,મસાલા,તેજાના,મલમલ,રેશમી કપડ,ગળી વગેરે ચીજો વિના ચાલતું ના હતુ.
- **ભારત આવવાનો જળમાર્ગની શોધ:-**
  - ઇ.સ. 1453 માં કોન્સ્ટેન્ટિનોપલનું પતન થતા નવો જળમાર્ગ શોધવાની જરૂર ઉભી થઇ. અત્યાર સુધી જળ-જમીન માર્ગે દ્વારા વેપાર ચાલતો હતો તે બંધ થઈ ગયો.
- **જળમાર્ગ,શોધવાના પ્રયાસો:-**




  - ઇ.સ.1453 માં બાર્થોલોમ્યુડાયઝે આફ્રિકાના દક્ષિણ છેડે 'કેપ ઓફ ગુડ હોપ' ની સોધ કરી
  - ઇ.સ. 1492 માં ક્રિસ્ટોફર કોલંબસે વેસ્ટઇન્ડિઝ ટાપુઓની શોધ કરી.જે પાછળથી અમેરિકા ખંડ તરીકે ઓળખાયો.

- ઇ.સ.1498 માં પોર્ટુગિઝ નાવિક વાસ્કો-દ-ગામાએ ભારત આવવાનો નવો જળમાર્ગ શોધ્યો.સૌ પ્રથમ ભારતના પશ્ચમ કિનારે કાલિકટબંદરે પહોંચ્યો.જ્યા ઝામોરિન રાજા રાજ્ય કરતો હતો.

❖ **બારતમાં આવનાર યુરોપિય પ્રજઓ:-**

- સૌ પ્રથમ પોર્ટુગિઝ પ્રજા (પોટુગલદેશ) ( ફિરંગીપ્રજા) ભારતમાં આવી.
- ત્યારબાદ વલંદાઓ ( ડચ પ્રજા) હોલેન્ડથી આવી.
- ડેન્માર્ક દેશની ડેનિષ પ્રજા,ઇગ્લેન્ડ દેશની અંગ્રેજ પ્રજા (અંગ્રેજો) તેમજ સૌથી છેલ્લે આવનાર પુરોપીયપ્રજા (ફ્રાંસની  દેશની ફ્રેંચ પ્રજા હતી.

❖ **યુરોપિયન દેશોના વેપારી મથકો**

- ફિરંગીઓ ( પોર્ટુગીઝો) દીવ,દમણ,ગોવા,કોચિન
- ઈગ્લેન્ડના સુરત,ભરૂચ,અમદાવાદ,કલકત્તા, સેન્ટ જ્યોર્જ ચેન્નઈ,મછલીપટ્ટમ, અને મુબઈ -> મુંબઈને વડું મથક બનાવ્યું 1687 માં
- ફ્રેંચોના વેપારી મથકો માટે ,કરાઈકલ,પોંડેચેરી,ચંદ્રનગર, મછલીપટ્ટમ

❖ **સંસ્થાઓ**: - **ઈંગલેન્ડના અંગ્રેજોની બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની ઈ.સ.1600**

- ફ્રાંસની ફ્રેંચ ઈસ્ટ ઈન્ડિયા કંપની 1668 માં ભારતમાં આગમન થયુ.

❖ **ભારતમાં બ્રિટિશ સત્તાની સ્થાપનાની શરૂઆત:-**

❖ **પ્લાસીનું યુધ્ધ**:- બંગાળાના નવાબ સિરાજ- ઉદ્દ-દૌલા અને અંગ્રેજો વચ્ચે ઇ.સ. **1757** પ્લાસીના મેદાનમાં લડાયું (**23** જુન **1757** માં)

- આ યુધ્ધમાં અંગ્રેજોની જીત થઇ. સિરાજ- ઉદ્દ-દૌલાની હાર થઇ.
- ઈસ્ટ ઈન્ડિયા કંપનીને 24 પરગણા તરીકે ઓળખાતા પ્રદેશની જગીર મળી.
- પ્લાસીના યુધ્ધથી ભારતમાં કંપની સંત્તાનો પાયો નંખાયો.
- સિરાજ- ઉદ્દ-દૌલાની જગ્યાએ મીરજાફરની બંગાળાનો નવાબ અંગ્રેજોએ બનાવ્યો.

❖ **બકસરનું યુધ્ધ**: - અંગ્રેજોએ મીરજાફર સાથે મતબેદ થતા તેના જમાઈ મીરકાસીમ ને બંગાળાનો નવાબ બનાવ્યો.

- પરંતુ મીરકસીમ સાથે પણ મતભેદ થતા ફરી મીરકાસીમને બંગાળાનો નવાબ બનાવવ્યો.
- મીરકાસીમને અન્યાય થતા કંપની સરકાર સામે બદલો લેવા અવધ માં શરણ લીધ.ત્યા એને મોગલબાદશાહ શાહઆલમ અને અવધના નવાબની સાથે મળ્યો.
- 22 ઓકટોબર 1764 માં બકસર નામના સ્થળે ઈસ્ટ ઈન્ડિયા કંપની અને ત્રણની સયકત સેના વચ્ચે યુધ્ધુ થય જેમાં કંપની સરકારનો વિજય થયો.
- કંપની સરકારને વિજય મળતા બંગાળ [illegible] ,બિહાર અને ઓરિસ્સામાં મહેસુલ ઉઘરાવવાની સત્તા ( દિવાની સત્તા) મળી.

- **કંપની શાસનનો વિકાસ :-**
  - નિયામક ધારો પસાર કર્યો 1773 માં આ ધારા મુજબ કલક્તાના ગવર્નર ગવર્નર જનરલ બનાવવામાં આવ્યો.

**૧. પ્રથમ ગવર્નર જનરલ વોરન હેસ્ટિંગ્સ બન્યો.**

- વોરન હેસ્ટિંગ્સના શાસનમાં પ્રથમ મરાઠા વિગ્રહ અને મૈસૂરના હૈદરઅલી સાથે બીજો મૈસૂર વિગ્રહ થયો.

**૨. સર જહોન શોર ( ગવર્નર જનરલ)**

- જે તટસ્થતાની નીતિ માટે જાણીતો છે.તેના સમયમાં કંપની સરકારની પ્રતિષ્ઠા ઘરી.

**૩. લોર્ડ વેલેસ્લી (ગવર્નર જનરલ)**

- તેણે સહકારની યોજના અમલમાં મૂકી. જે યોજના મીઠાઝેર સમાન હતી.
- હૈદરાબાદના સુલતાન નિઝામે સૌ પ્રથમ આ યોજનાનો સહાર કર્યો.
- મૈસૂંર,અવધ,ગાયકવાડ (વડોદરાના), સિંધિયા,ભોંસલે અને હોલકરે આ યોજના સ્વીકરી.

**૪. હેસ્ટિંગ્સ (ગવર્નર જનરલ)**

- પીઢારા (લૂટારાઓ) ને કાબૂમાં લીધા.
- ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓને હરાવી કંપનીને સર્વોપરી બનાવી.

**૫. વિલિયમ બેન્ટિક : (ગવર્નર જનરલ)**

- ઉદાર ગવર્નર જનરલ તરીકે જાણીતો છે.
- સતીપ્રથા પર પ્રતિબંધ મુકતો કાયદો ઘડયો.

**૬. ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસી:-**

- સામ્રાજ્યવાદી નીતિ ધરાવતો હતો. તેથી તેણે જીત,જપ્તી અને ખાલસા નીતિ અપનાવી.

- **ડેલહાઉસીના સુધારાઓ:-**

**ડેલહાઉસીના ખાલસાનીતિ**

- **યુધ્ધ દ્વારા ખાલસા**
  - પંજાબ
  - પેગુ (નીચલું બર્મા)
- **રાજા અપુત્ર અવસાન પામતાં રાજ્ય ખાલસા**
  - સતારા
  - જૈતપુર
  - સંબલપુર
  - ઉદેપુર (મ.પ્ર.)
  - ઝાંસી
  - બઘાત
  - નાગપુઅર
- **ગેરવહીઅવટના બહાના નીચે ખાલસા**
  - અવધ
- **કરજની ઉઘરાણી તળે ખાલસા**
  - નિઝામનો વરાડ પ્રાંત
- **નામમાત્રની સત્તાનો અંત લાવી ખાલસા**
  - કર્ણાટક
  - તાંજોર

- ➢ મુંબઈથી થાણા વચ્ચે સૌ પ્રથમ 1853 માં ભારતમાં રેલ્વે શરૂ કરી
- ➢ ભારત- ઈગ્લેન્ડ વચ્ચે તાર વ્યવહાર શરૂ થયો.
- ➢ જાહેઅર બાંધકામ ખાતાની સ્થાપના થઈ (PWD)
- ➢ અંગ્રેજી કેળવણીની શરૂઆત થઈ.

❖ **સામાજિક સુધારાઓ:-**

- ➢ વિધવા પુન:લગ્ન અને બાળલગ્ન પ્રતિબંધ મુકતો કયદો ઘડયો

❖ **1857 નો વિપ્લવ:-**

- કંપની સરકારની આ તમામ અસંતોષી નીતિઓને કારણે 1857 નો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ થયો.

❖ **કંપની શાસનની ભારત પર આર્થિક સસરો:-**

- ➢ કંપની શાસનના 100 વર્ષના શાસનકાળમાં ભારત માત્ર ઈગ્લેન્ડ માટે કાચોમાલ પેદા કરનાર અને તૈયાર થયેલ માલના વેચાણ માટે જ બજાર માત્ર બની ગયો.
- ➢ દ્વિમુખી શાસન પધ્ધતિને લીધે બંગાળાની આર્થીક ચમક ઝાંખી પડી.
- ➢ અન્યાયી મહેસુલ નીતિને કારણે ખેડૂતો પાયમાલ અને દેવાદર બની ગયા.
- ➢ સ્વાવલંબી ગામડા ગરીબ અને પરાધીન બની ગયા.
- ➢ દરિયાઈ વેપાર માટેના બંદરોનો વિકાસ થયો. મુંબઈ,મદ્રાસ,કલકત્તા બંદરોનો વિકાસ થયો.
- ➢ સુતરાઉ કાપડ ઉદ્યોગ નાશ પામ્યો.

❖ **કંપની શાસનની સામાજિક સસરો:-**

- ➢ ભારતીય પ્રજામાં વિચાર અને વાણી સ્વાતંત્ર્યની ભાવનાનો વિકાસ થયો.
- ➢ સામાજિક કુરીવાજો જેવાકે સતીપ્રથા,બાળલગ્ન, દીકરીને દૂધ પીતી કરવી જેવા કુરીવાજો પર પ્રતિબંધ મૂક્યા.

- ➢ રાજા રામ મોહનરાય,દુર્ગારામ કહેતા,બહેરામજી મલબારી,નર્મદ જેવા સમાજ સુધારકોએ કુરીવજો દૂર કરવાના કયદાઓ કરાવ્યા.

❖ **ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત:-**

- લોર્ડ મેકોલેના પ્રયત્નથી ભારતમાં સૌ પ્રથમ અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઈ (1834)
- સૌ પ્રથમ,મદ્રાસ અને કલકત્તમાં ચાર્લ્સ વુડની ભલામણથી યુનિવર્સિટીઓની સ્થાપના થઈ.

❖ **ઉપસહાર:-**

**ભારતની કિંમતી ચીજ વસ્તુઓ અને સમૃધ્ધિથી આકર્ષાઈ આવેલી યુરોપીય પ્રજાની નીતિઓથી એમને તો ફાતદો થયો જ પરંતુ પ્રત્યક્ષ અને પરોક્ષ રિતે ભારતને પણ ઘણો લાભ થયો.**

## સ્વાધ્યાય

- **એક વાકયમાં જવાબ આપો.**

૧. ભારતા આવવાનો નવો જળમાર્ગ કોણે અને ક્યારે શોધ્યો ?
૨. ભારતમાં કઈ કઈ યુરોપીય પ્રજાઓ આવી ?
૩. 'કેપ ઓફ ગુડ હોપ' ભૂશિરની શોધ કોણે કરી ?
૪. ભારતમાં સૌથી છેલ્લે વેપારકરવા આવનાર યુરોપીય પ્રજા કઈ હતી ?
૫. બ્રિટિશ ઇસ્ટ ઈન્ડિયા કંપનીની સ્થાપના સા માટે ક્યા અને ક્યારે થઈ ?
૬. કયા યુધ્ધથી ભારતમાં કંપની શાસનની શરૂઆત થઈ ?
૭. નિયામક ધારો કઈ સાલમાં અમલમાં મુકયો ?
૮. મૈંસૂરના વાઘ તરીકે કોને ઓળખવામાં આવે છે ?
૯. સર જહોન શોરે કઈ નીતિ અમલમાં મુકી ?
૧૦. જાહેર બાધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ ?

- **ખાલી જગ્યા પૂરો**

૧.----------- માં તુર્ક મુસ્લિમોએ કોન્સ્ટેન્ટિનોપલ જીતી લીધુ.
૨..--------- યોજના મીઠા ઝેર સમાન હતી.
૩. ભારતમં સૌ પ્રથમ આવનાર યુરોપિય પ્રજા------હતી.
૪. વાસ્કો-દ-ગામા સૌ પ્રથમ ભારતના -------- બંદર ઉતર્યો
૫. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો પ્રથમ ગવર્નર જનરલ -------- હતો.

- **મુદ્દાસર ઉત્તર લખો**

૧. લોર્ડ ડેલહાઉસીના સધરાઓ જણાવો
૨. યુરોપીય પ્રજાને ભારત આવવાના જળમાર્ગની શોધ કરવાની જરૂર શાથી ઉભી થઈ.
૩ કંપની શાસનની ભારત પર થતી આર્થિક અને સામાજિક અસરો જણાવો

- **ટૂક નોંધ લખો**

૧. પ્લાસીનુ યુધ્ધ
૨. બકસરનુ યુધ્ધ